

પાપ કરતાં પાપનો ભય વ્યક્તિને વધુ સતાવે છે સિવાય કે પ્રાયશ્ચિત્ત કરવામાં આવે.
- શ્રી હર્ષ

# આફ્રિકા ભારતને માટે વ્યૂહાત્મક વ્યાપારી ભાગીદાર

**આફ્રિકન** ડેવલપમેન્ટ બૅન્કની એક બેઠક પ્રથમ વાર જ આફ્રિકાની બહાર મળી રહી છે અને તે અમદાવાદ ખાતે ૨૨ થી ૨૬ મે, ૨૦૧૭ સુધી યોજાવાની છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ તેમાં હાજર રહેવાના છે. આફ્રિકાના ૫૪ દેશના વડા તેમાં હાજર રહેવાના છે તે મહત્ત્વની બાબત છે. ગુજરાત અને ભારત બન્ને માટે તેનું મહત્ત્વ અનેરું છે.

ભારત માટે આફ્રિકાનાં ૫૪ રાષ્ટ્ર મહત્ત્વના વેપારી ભાગીદાર છે અને હજુ તે સંબંધમાં વધારો થઈ શકે છે. ગુજરાતના સાહસિકોએ જ્યારે સમગ્ર આફ્રિકામાં ઈલેક્ટ્રિસિટી કે રસ્તાનું કોઈ નામોનિશાન નહોતું તે વખતે ત્યાં જઈને વેપારની શરૂઆત કરી હતી તેથી આફ્રિકા સાથે ખૂબ જ નિકટનો સંબંધ છે. આજે પણ ગુજરાતી પ્રજાજનો આફ્રિકાના લગભગ દરેક દેશમાં વસે છે. કેન્યા - યુગાન્ડા - ટાન્ઝાનિયા - દક્ષિણ આફ્રિકા અને સુદાન - ઈથોપિયા વગેરે આજે પણ ગુજરાત સાથે વેપાર કરે છે.

ગુજરાતનો ૧૬૫૦ કિ.મી. લાંબો સાગરકાંઠો ભૌગોલિક રીતે આફ્રિકાના તમામ રાષ્ટ્ર સાથે વ્યાપારવૃદ્ધિ કરવાની તક પૂરી પાડે છે. આ તકનો વધુ લાભ રોજગારી વધારવા સાથે વ્યાપારવૃદ્ધિમાં થવો જોઈએ. આ માટે ગુજરાતના વિવિધ વેપારી સંગઠનોએ સંકલિત પ્રયાસ કરીને નાના અને મધ્યમ કક્ષાના વેપારીઓ માટે પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવાની જરૂર છે.

ગુજરાત વેપારી મહામંડળ દ્વારા નિષ્ણાત કન્સલટન્ટને નીમીને આફ્રિકા સાથે વધુ વ્યાપાર કરવા કામગીરી થવી જોઈએ. ગુજરાતના બીજી હરોળના યુવાન સાહસિકોએ આફ્રિકાના રાષ્ટ્ર તરફ દૃષ્ટિ દોડાવીને ત્યાં ટેક્નોલોજી - ઊર્જા - મશીન ટૂલ્સ અને ખેતીના ઓજાર વગેરેની જે જરૂરત છે તેની નિકાસ વધારવી રહી. આ સિવાયની પણ ઘણી ઘરગથ્થુ વપરાશની ચીજવસ્તુ ઉપરાંત સોફ્ટવેર - ઈલેક્ટ્રિકલ ગૂડ્ઝ અને પ્લાસ્ટિકની ચીજવસ્તુ માટે સમગ્ર આફ્રિકામાં ભારે માગ છે.

આફ્રિકાનાં ૫૪ રાષ્ટ્રની જનસંખ્યા એક અબજથી વધુ છે. આથી બજાર મોટી કહી શકાય. આફ્રિકાના રાષ્ટ્રો ભલે સમૃદ્ધ નથી, પરંતુ ખરીદશક્તિ ધરાવે છે. ભારતે તેના બદલામાં ખેતીવાડીના ઉત્પાદન ત્યાંથી આયાત કરવા જોઈએ, જેમ કે કઠોળ આયાત થઈ શકે છે. કોઈ કારણથી કઠોળની અછત હતી તે વખતે આફ્રિકા સાથે કરાર કરીને ત્યાં જે કઠોળ થાય તે તમામ આયાત કરવાની વ્યવસ્થા થઈ હતી.

આ એક જ દૃષ્ટાંત છે, પરંતુ જો વ્યવસ્થિત રીતે કાર્ય કરવામાં આવે તો બીજાં અનેક ક્ષેત્ર જેવા કે શિક્ષણ - તાલીમ - તબીબી સારવાર - આરોગ્ય સેવા - બૅન્ક - ઈન્સ્યોરન્સ વગેરે ક્ષેત્રમાં પણ આફ્રિકાના ૫૪ દેશ એક મોટી બજાર છે. રેલવે અને ટ્રાન્સપોર્ટ ઉપરાંત ઊર્જા જેવા ક્ષેત્રમાં તો આકાશી સીમા સુધી કાર્ય થઈ શકે છે, પરંતુ જરૂરત છે વ્યાપારી નેતૃત્વની. આથી જ પરિણામલક્ષી કામગીરી થવી જોઈએ.

આફ્રિકાના કેટલાક દેશમાં રાજકીય અસ્થિરતા વારંવાર જોવા મળે છે. આ નકારાત્મક મુદ્દો ખુદ તેમણે જ ઉકેલવાની જરૂર છે. દક્ષિણ આફ્રિકા અને કેન્યા જેવા દેશ અપવાદ છે, પરંતુ તે સિવાય ટાન્ઝાનિયા - યુગાન્ડા - સુદાન વગેરેમાં સત્તાપલટો વારંવાર થાય છે. આથી વ્યાપાર - રોજગારી વગેરે જેવી બાબતોને અસર થતી હોય છે. ભારતને માટે આફ્રિકા એક ફૂડ બાસ્કેટ બની શકે છે તે વાતને કેન્દ્રમાં રાખવાની જરૂર છે.

અમદાવાદ ખાતે મળનારી આફ્રિકન ડેવલપમેન્ટ બૅન્કની બેઠકમાં નરેન્દ્ર મોદી કોઈક મહત્ત્વની બાબતે દિશાસૂચન કરે તેવી અપેક્ષા છે. ભારત આફ્રિકા ડેવલપમેન્ટ ફંડનું મેમ્બર છે અને આફ્રિકાના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. આફ્રિકા આજે આગળ જવા માગે છે. યુરોપના રાષ્ટ્રોએ તેના પર્યાવરણનું શોષણ કરવા સિવાય કોઈ જ નોંધપાત્ર કાર્ય કર્યું નથી. આવે વખતે ભારતે અનેક રીતે રચનાત્મક ભૂમિકા ભજવવાની જરૂર છે.

વિશ્વના પાંચ ખંડ છે તેમાં એશિયા - આફ્રિકા - યુરોપ - અમેરિકા (લેટિન અમેરિકા સહિત) અને ઑસ્ટ્રેલિયા છે, પરંતુ આજે પણ આફ્રિકા એક મહત્ત્વનો ખંડ એટલા માટે છે કે ત્યાં પર્યાવરણ - પશુ - પક્ષી અને જમીનની ફળદ્રુપતા આ તમામ બાબતો વિશિષ્ટ છે. આફ્રિકાની જમીન એટલી રસાળ અને ફળદ્રુપ છે કે ખેતીવાડી ખૂબ જ સમૃદ્ધ છે, પરંતુ ઉપયોગ તેટલો થતો નથી. અમદાવાદ આફ્રિકન ડેવલપમેન્ટ બૅન્કનું યજમાન બને છે - માત્ર તેટલું જ પૂરતું નથી - ત્યાંની ગતિવિધિઓનો પૂરતો લાભ ઉઠાવવામાં આવે અને ૫૪ જેટલા રાષ્ટ્રના ગવર્નર અને વડા આવ્યા હોય છે તેમની સાથે વિચારવિમર્શ કરીને વધુમાં વધુ વ્યાપારી પ્રવૃત્તિનો વિકાસ થાય તેની ભૂમિકા તૈયાર કરવામાં આવે તે સફળતા ગણાય. અમદાવાદની પસંદગી કરવાનાં કારણ છે જેનું મહત્ત્વ સમજવાની જરૂર છે.

## રાશિ કહે છે... ।। શુભમ્ ભવતુ ।।

રાજેન મહેતા
rajen.mehta@bombaysamachar.com

શુક્રવાર, તા. ૧૯-૫-૧૭

- મેષ (અ, લ, ઇ): તમારા કામકાજના ક્ષેત્રે પ્રગતિકારક દિવસ બની રહે. નફાકારક ઓર્ડરો પ્રાપ્ત થાય ને ઇચ્છીત લાભ મેળવો.
- વૃષભ (બ, વ, ઉ): તમારી તબિયતમાં સુધારો થાય. અધૂરા કાર્ય પૂરા કરવા કમર કસો સાથે આર્થિક સુધારામાં સફળતા મેળવો.
- મિથુન (ક, છ, ઘ): તમારા સ્વાસ્થ્યને કારણે રોજિંદા કાર્ય પૂરા કરવામાં તકલીફ અનુભવો તેમ જ મનમાં ખોટા વિચારો પ્રવર્તે.
- કર્ક (ડ, હ): તમારી વ્યક્તિગત સમસ્યામાં અટવાયેલા રહો તેથી અકળામણ અનુભવો. માનસિક અશાંતિનાં ભોગ બનો.
- સિંહ (મ. ટ.): તમારા કાર્યક્ષેત્રની મુશ્કેલી દૂર થતાં સમયસર કાર્ય પૂરા થાય તેથી આવકમાં વધારો રહે. ઉઘરાણી આવે.
- કન્યા (પ, ઠ, ણ): તમારું તન-મન તાજગી અનુભવે. કાર્યક્ષેત્રે આગળના દિવસનું પ્લાનિંગ કરો. આવક-જાવકનું સરવૈયું બનાવો.
- તુલા (ર, ત): તમારુ ધ્યાન બીજે દોરાતા રોજિંદા રૂટિન પર ધ્યાન ન આપી શકો તેથી ખર્ચમાં હાથ ખેંચાયેલો રહે.
- વૃશ્ચિક (ન. ય): તમારો સ્વજન સાથેનો મતભેદ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે ને મનભેદમાં પરિણમે, માનહાનિ થાય.
- ધનુ (ભ, ફ, ધ, ઢ): તમારા કાર્યક્ષેત્રે આવતી ઓફરો તથા તકને ઝડપી લેતા હરીફો- પ્રતિસ્પર્ધીથી આગળ રહો.
- મકર (ખ, જ): તમારા રોજિંદા રૂટિન કાર્ય પૂરા કરવામાં સંઘર્ષ કરવો પડે ને ખોટા ખર્ચા માનસિક અશાંતિ સર્જે.
- કુંભ (ગ, સ, ષ, શ): તમારો દિવસ સુખરૂપ પાર થાય. મનગમતું કાર્ય મળતા મનમાં ઉત્સાહ વધે. આવક થાય.
- મીન (દ, ચ, ઝ, થ): તમે જે કાર્ય કરવા ચાહો તેમાં નાણાકીય ને સમયની બરબાદી થાય. મુશ્કેલી અનુભવો.

## એક્સ્ટ્રા અફેર

રાજીવ પંડિત rajeev.pandit@bombaysamachar.com

# જાધવના મામલે પાકિસ્તાન સરબજિતવાળી ના કરે તો સારું

**પાકિસ્તાનની** લશ્કરી અદાલતે કુલભૂષણ જાધવને ભારતના જાસૂસમાં ખપાવીને ફાંસીની સજા ફટકારી દીધી એ સામે ભારતે ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસ (આઈસીજે)માં કરેલી અપીલને મામલે ભારતને મોટી રાહત મળી ગઈ છે. નેધરલેન્ડ્સના હેગમાં બેસતી ઈન્ટરનેશનલ કોર્ટે જાધવને અને ભારતને બે મોરચે મોટી રાહત આપી છે. ઈન્ટરનેશનલ કોર્ટે એક તો કોન્સ્યુલર ઍક્સેસની મંજૂરી આપી અને બીજું જાધવની ફાંસી સામે સ્ટે આપી દીધો.

કોન્સ્યુલર ઍક્સેસનો મતલબ છે કે પાકિસ્તાનમાં રહેલા ભારતીય દૂતાવાસના અધિકારીઓ જાધવને મળી શકશે. આપણા અધિકારીઓ તેને મળી શકશે તેથી ખરેખર મામલો શું છે તે ખબર પડશે. જાધવના બચાવ માટે શું કરવું તેની વ્યૂહરચના ઘડવામાં તેના કારણે બહુ મોટી મદદ મળશે. અત્યાર લગી ભારતીય અધિકારીઓએ જાધવને મળવા બહુ ફાંફાં મારી જોયેલાં, પણ પાકિસ્તાન આપણને ગાંઠતું જ નહોતું. ભારતે ૧૬ વાર જાધવને મળવા દેવા અરજી આપેલી, પણ હલકા પાકિસ્તાનીઓ જાધવને કોઈને મળવા જ નહોતા દેતા તેથી તેની સામેના કેસમાં શું નાટક ચાલે છે તેની ખબર જ નહોતી પડતી. જાધવ સામેનો કેસ પાછો લશ્કરી કોર્ટમાં ચાલતો હતો ને તેની સામે કોર્ટ માર્શલની કાર્યવાહી કરાયેલી. મતલબ કે જાધવ પોતાનાથી થાય એટલો બચાવ કરી શકે, બાકી તેને વકીલ રાખવાની કે બીજો કોઈ બચાવ કરે તેની મંજૂરી નહોતી. કોર્ટ માર્શલની કાર્યવાહી બંધબારણે થતી હોય છે ને સામે ડાઘિયા જેવા પાકિસ્તાની લશ્કરી અધિકારીઓ બેઠા હોય ત્યા જાધવ બાપડો શું પોતાનો બચાવ કરી શકે ? ને એ ડાઘિયાઓ જાધવ જેવા દસ વરસથી જેલની હવા ખાઈને ઢીલાઢફ થઈ ગયેલા માણસને બોલવા પણ દે ખરા ? ત્યાં તો એ લોકો જે કહે એ જાધવે કબૂલ રાખવું પડે ને એ રીતે જ કુલડીમાં ગોળ ભાંગીને કેસ ચલાવવાનું નાટક કરીને જાધવને લટકાવી દેવાનો તખ્તો તૈયાર કરી નાખેલો.

જાધવને બીજી મોટી રાહત એ મળી છે કે ઈન્ટરનેશનલ કોર્ટે તેનો અંતિમ નિર્ણય ના આવે ત્યાં લગી જાધવને ફાંસી આપવા સામે સ્ટે આપ્યો છે. આ બહુ મોટી રાહત છે કેમ કે તેના કારણે હાલ પૂરતી જાધવના માથેથી ઘાત ગઈ છે. પાકિસ્તાને જાધવને ફાંસી ફટકારી એ પછી ચાલીસ દિવસનો સમય આપેલો પણ તેનો અર્થ નહોતો. પાકિસ્તાન જાધવને કોઈને મળવા દેતું નહોતું કે તેનો બચાવ કરવાની તક તેને આપતું નહોતું. તેની સામે કોર્ટ માર્શલની કાર્યવાહી હતી તેથી જાધવ અપીલ કરે તો પણ અર્થ નહોતો કેમ કે તેની અપીલનો ડૂચો કરીને કચરાટોપલીમાં ફેંકી દેવાયો હોત. માનો કે તેની અપીલ સ્વીકારાઈ હોત તો પણ પહેલાં થયું હોત એ નાટક જ થયું હોત ને એ નાટકના અંતે ફેંસલો તો એ જ રહેવાનો હતો. આ સંજોગોમાં જાધવે ૪૦ દા'ડા પાકિસ્તાનની જેલમાં માખો મારીને કાઢવાના હતા ને તેનું નસીબ જોર કરતું હોત તો બીજો એકાદ મહિનો મળી ગયો હોત. ઈન્ટરનેશનલ કોર્ટે સ્ટે આપ્યો તેના કારણે તેને કાનૂની રીતે બચાવની તક મળશે. ઈન્ટરનેશનલ કોર્ટમાં અંતિમ નિર્ણય આવતાં કેટલો સમય લાગશે તે ખબર નથી, પણ તેમાં ચાર-છ મહિના તો નીકળી જ જશે એ જોતાં જાધવની જીવનરેખા એટલી લંબાઈ ગઈ છે.

બીજુ એ પણ છે કે પાકિસ્તાને જાધવ સામે ખટલાનું જે નાટક કર્યું તેના ઈન્ટરનેશનલ કોર્ટે ગાભા કાઢી નાખ્યા છે. પાકિસ્તાને એવી વાર્તા બનાવી કાઢી છે કે જાધવ ભારતની જાસૂસી સંસ્થા રિસર્ચ ઍન્ડ ઈન્ટેલિજન્સ વિંગ (રો)નો એજન્ટ છે ને પાકિસ્તાનમાં અરાજકતા ફેલાવવા બલુચિસ્તાન જવા નીકળેલો. ઈરાનની સરહદેથી પાકિસ્તાનમાં ઘૂસતી વખતે નકલી પાસપોર્ટ સાથે ઝડપાયો ત્યારે પાસપોર્ટમાં તેનું નામ હુસૈન મુબારક પટેલ ને એ મહારાષ્ટ્રનો રહેવાસી હોવાનું બતાવાયેલું. પાકિસ્તાને દાવો પણ કરેલો કે પાકિસ્તાનથી અલગ થવા માગતા બલોચી અલગતાવાદીઓ સાથે કુલભૂષણના સંપર્કો હતા ને તેમની સાથે મળીને પાકિસ્તાનમાં આતંકવાદ ફેલાવવાનાં કાવતરાં ઘડતો હતો. કુલભૂષણ નેવીમાં હતો તેથી નેવલ ફાઈટિંગ ટેક્નિક્સમાં માસ્ટર છે ને તેણે ગ્વાદર અને કરાચી બંદરો પર બૉમ્બ બ્લાસ્ટ કરવાનું કાવતરું ઘડેલું. આ બંદરોને ધમરોળવા બોટ્સ પણ ખરીદી લીધેલી તેવી વાતો પણ પાકિસ્તાને કરેલી. ચીન પાકિસ્તાનમાં ચાઈના-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર બનાવે છે તેમાં કુલભૂષણ ભાંગફોડ કરવા માગતો હતો પણ તેના નાપાક ઈરાદાને અંજામ આપે એ પહેલાં પકડાઈ ગયો. ઈન્ટરનેશનલ કોર્ટે સીધેસીધું એવું કહ્યું નથી કે પાકિસ્તાન ગોળીઓ ગળાવે છે, પણ આડકતરી રીતે તેણે કહી જ દીધું છે કે જાધવ જાસૂસ હતો કે આતંકવાદી હતો એ વાત સાવ ટાઢા પહોરનું ગપ્પુ છે. જાધવનો કેસ એ રીતે મજબૂત બન્યો છે ને તેનો કેસ લશ્કરી કોર્ટના બદલે સાદી કોર્ટમાં ખસેડવાનો ચુકાદો ઈન્ટરનેશનલ કોર્ટ આપી શકે છે. એવું થશે તો એ ભારતની બહુ મોટી જીત હશે ને જાધવના બચવાના ચાન્સ વધી જશે.

સ્વાભાવિક રીતે જ ઈન્ટરનેશનલ કોર્ટના ચુકાદાના કારણે ભારતમાં આનંદનો માહોલ છે. ઈન્ટરનેશનલ કોર્ટે ભારતની દલીલો સ્વીકારી અને જાધવની ફાંસી સામે સ્ટે આપ્યો એ મોટી વાત છે, પણ આપણી ટીવી ચેનલો આ ચુકાદાને ભારતની મોટી જીત ગણાવે છે એવું કશું નથી. બલકે પાકિસ્તાનનો ઈતિહાસ જોતાં એ કશુંક અજૂગતું ના કરી બેસે તેવો ડર વધી ગયો છે. ભારત ઈન્ટરનેશનલ કોર્ટમાં ગયું છે એટલે પાકિસ્તાન રાતોરાત જાધવને ફાંસીએ લટકાવી દે તેવી ધાસ્તી ભારતે બતાવી જ છે ને હવે ઈન્ટરનેશનલ કોર્ટે પાકિસ્તાનને જોરદાર લપડાક મારી છે તેથી પાકિસ્તાન એવું કરી પણ શકે.

આપણે ત્યાં ભોળા લોકો એવું માને છે કે ઈન્ટરનેશનલ કોર્ટે સ્ટે આપ્યો એટલે પાકિસ્તાને જખ મારીને તેનું પાલન કરવું જ પડે, પણ એવા ભ્રમમાં રહેવા જેવું નથી. ઈન્ટરનેશનલ કોર્ટ ખરેખર તો દાંત વિનાનો વાઘ છે ને માનો કે કાલે પાકિસ્તાન તેની ઐસીતૈસી કરીને જાધવને ફાંસીએ લટકાવી દે તો ઈન્ટરનેશનલ કોર્ટ તેનું કશું તોડી પણ ના શકે એ આપણ સમજવાની જરૂર છે. ઈન્ટરનેશનલ કોર્ટ યુનાઈટેડ નેશન્સ (યુએન) સાથે સંકળાયેલી છે ને યુએન દુનિયાના તાકતવર દેશોનાં હિતો સાચવવા ઊભો કરાયેલો તંબૂ છે. નિયમ પ્રમાણે યુએનના દરેક સભ્ય દેશે ઈન્ટરનેશનલ કોર્ટના ચુકાદાનું ફરજિયાતપણે પાલન કરવું પડે પણ કોઈ દેશ લુખ્ખાગીરી પર ઊતરીને બગલો અધ્ધર કરી નાખે એ સંજોગોમાં એ દેશ સામે સીધાં પગલાં લેવાની કોઈ સત્તા કોર્ટ પાસે નથી. એ સંજોગોમાં મામલો યુએન સિક્યુરિટી કાઉન્સિલ પાસે જાય ને યુએન સિક્યુરિટી કાઉન્સિલના માથે આ ચુકાદાનું પાલન કરાવવાની જવાબદારી થોપાય. જો કે, સિક્યુરિટી કાઉન્સિલના કાયમી સભ્ય દેશો અમેરિકા, બ્રિટન, રશિયા, ફ્રાન્સ અને ચીન આ મામલે વીટો પાવર વાપરીને ઈન્ટરનેશનલ કોર્ટના ચુકાદાનું પડીકું કરી શકે.

પાકિસ્તાન અત્યારે ચીનના ખોળામાં બેઠેલું છે ને ચીન પાકિસ્તાન તેના પહેલા ખોળાનું હોય એમ પંપાળે છે. પાકિસ્તાને પણ ચીન માટે બધું ખોલીને મૂકી દીધું છે તેથી પાકિસ્તાનમાં ચીનનાં મોટાં હિતો છે. તેના કારણે પાકિસ્તાન કહે એ બધું કરવા ચીન તૈયાર હોય છે. મસૂદ અઝહરને આતંકવાદી જાહેર કરવાના મામલે સિક્યુરિટી કાઉન્સિલમાં ચીને પાકિસ્તાનને કેવી મદદ કરેલી એ આપણે જોયું જ છે. જાધવના મામલા સાથે તો પાકિસ્તાનની પ્રતિષ્ઠા જોડાયેલી છે તેથી પાકિસ્તાન ચીન પાસે એ કામ કરાવડાવે જ. ચીન માટે જાધવ અંગેના ચુકાદા સામે વીટો વાપરવો એ તો બહુ નાનું કામ છે ને પાકિસ્તાનને રાજી રાખવા ચીન હોંશે હોંશે એ કામ કરે તેમાં મીનમેખ નથી. આ સંજોગોમાં પાકિસ્તાન ઈન્ટરનેશનલ કોર્ટના ચુકાદાની ઐસીતૈસી કરીને જાધવને લટકાવી દે તો પણ આપણાથી કે ઈન્ટરનેશનલ કોર્ટથી પણ તેનું કશું તોડી શકાય તેમ નથી.

પાકિસ્તાન માનો કે જાધવને ફાંસી ના આપે ને બીજી રીતે પતાવી દે એવું પણ બને. પાકિસ્તાન જેવા હલકા દેશનો ભરોસો શું ? સરબજિતના મામલે પાકિસ્તાને એ કરેલું જ છે. સરબજિત પર જેલના કેદીઓએ હુમલો કર્યો તેમાં સરબજિત ગંભીર રીતે ઘાયલ થયો છે તેવું પાકિસ્તાને નાટક કરેલું. આ નાટક પછી સરબજિતને પહેલાં બ્રેઈન ડેડ જાહેર કરાયેલો ને પછી બીજા દિવસે હાર્ટ એટેક આવ્યો તેથી એ ગુજરી ગયો એવું જાહેર કરીને પાકિસ્તાને સરબજિતનો કિસ્સો ખતમ કરી નાખેલો. આપણે આશા રાખીએ કે એવું ના બને ને પાકિસ્તાન સરબજિતવાળી ના કરે. પાકિસ્તાન ઈમાનદારીથી વર્તીને ઈન્ટરનેશનલ કોર્ટના ચુકાદાને માન આપે.

## સુખનો પાસવર્ડ

આશુ પટેલ ashu.patel@bombaysamachar.com

# કોઈના જોમભર્યા શબ્દો હતાશ વ્યક્તિને ફરી બેઠી કરી શકે

**તરણવીર શરત ગાયક્વાડે નિવૃત્ત થવાનું નક્કી કર્યું એ પછી તેની મુલાકાત રાહુલ દ્રવિડ સાથે થઈ ત્યારે...**

બેંગલોરનો શરત ગાયકવાડ લિટલ ફ્લાવર સ્કૂલમાં ભણતો હતો ત્યારે સ્કૂલમા બધા વિદ્યાર્થીઓ માટે સ્વિમિંગ શીખવાનું ફરજિયાત હતું. શરત વિકલાંગ હતો. કુદરતે તેને એક જ હાથ આપ્યો છે, પરંતુ શરતે સ્કૂલના નિયમમાંથી મુક્તિ મેળવવાની કોશિશ કરવાને બદલે સ્વિમિંગ શીખવાની કોશિશ કરી. અને એમાં તેને સફળતા મળી.

વિકલાંગ શરતને સ્વિમિંગનો શોખ થઈ ગયો અને તે તરણ સ્પર્ધઓમાં ભાગ લેવા માંડ્યો. તેણે વિકલાંગો માટેની તરણ સ્પર્ધાઓ જીતવા માંડી. તે જિલ્લા સ્તરે, રાજ્ય સ્તરે અને છેવટે નેશનલ લેવલ પર તરણ સ્પર્ધાઓમાં ભાગ લેતો થઈ ગયો. તેણે નેશનલ લેવલની સ્પર્ધામાં ભાગ લઈને ગોલ્ડ મેડલ જીત્યો. એ પછી કેટલાક કોચની નજર તેના પર ગઈ. અને તેમણે તેને આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે તાલીમ આપવાની તૈયારી દર્શાવી.

શરતના માતાપિતાએ પણ તેને પ્રોત્સાહન આપ્યું. શરત આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતો થઈ ગયો, પરંતુ ગ્લાસગો કોમનવેલ્થ સ્પર્ધામાં તે વિજયી ન બની શક્યો. એને કારણે તે હતાશ થઈ ગયો અને તેણે નિવૃત્તિ લેવાનું નક્કી કરી લીધું. એ દરમિયાન તેને ખભામાં ઈજા પણ થઈ હતી એટલે તે વધુ નિરાશ થઈ ગયો હતો.

શરતે નિવૃત્તિ લેવાનું નક્કી કરી લીધું એ પછી થોડા સમયમાં જ તેની મુલાકાત ક્રિકેટર રાહુલ દ્રવિડ સાથે થઈ. રાહુલ દ્રવિડ સાથે વાતચીત દરમિયાન શરતે કહ્યું કે હું તો નિવૃત્તિ લઈ રહ્યો છું.

શરતની વાત સાંભળીને રાહુલ દ્રવિડે તેને કહ્યું કે દેશ માટે મેડલ જીતવાના ઉદ્દેશ સાથે તું ફરી સ્વિમિંગ માટે સજ્જથઈ જા. અને પછી જો કે તું શું કરી શકે છે.

રાહુલ દ્રવિડના એ શબ્દોથી શરતના મનમાં નવા જોમનો સંચાર થયો. તે ફરી સ્પર્ધાઓમાં ભાગ લેવા માંડ્યો. ૨૦૧૪મા તેણે ભારત માટે પાંચ કાંસ્ય અને એક રજત એમ છ મેડલ જીતીને વ્યક્તિગત રીતે સૌથી વધુ મેડલ જીતવાનો પી, ટી. ઉષાનો રેકર્ડ બ્રેક કર્યો. પી. ટી. ઉષાએ ૧૯૮૬માં પાંચ મેડલ મેળવ્યાં હતાં એનાથી એક વધુ મેડલ શરતે જીતી બતાવ્યો. એ પછી તો શરતે ઘણા મેડલ મેળવ્યા.

માણસ હતાશ થઈ ગયો હોય ત્યારે કોઈના પ્રેરક શબ્દો ચમત્કાર સર્જી શકે છે એનો અનુભવ શરત ગાયકવાડને થઈ ગયો છે. રાહુલ દ્રવિડે તેને પાનો ચડાવીને નિવૃત્ત થતા અટકાવ્યો.

## પ્રજામત

### મહાત્મા ગાંધી સ્કૂલ બંધ કરવાનો નિર્ણય અયોગ્ય

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી જે સ્કૂલમાં ભણ્યા હતા તે રાજકોટની વિરાસત ઓલ્ફ્રેડ સ્કૂલ ઉર્ફે મહાત્મા ગાંધી સ્કૂલ બંધ કરી દેવામાં આવી છે-આ સમાચારે ગાંધીવાદીઓ અને ગાંધીપ્રિય શિક્ષણ જગતને અવાક બનાવ્યું છે. ગાંધીજીના સંસ્મરણો-વિચારો-મૂલ્યો અને આદર્શો નાશ કરવામાં આવી રહ્યા છે. ગોડસે એ ગાંધીજીના 'રામ' રમાડ્યા હતા, પણ આપણે ગાંધીજીનાં સંસ્મરણોનું અને આદર્શોનું, આ શાળા ચાલુ રાખી જતન તો કરી શકીએ ને? તેથી મહાત્મા ગાંધી સ્કૂલ બંધ કરાવવાનો આદેશ ત્વરિત મોકૂફ રખાવી યોગ્ય ફેરવિચારણા કરાય.

પ્રિન્સિ. કુંવરજી અને અનસૂયા બારોટ
અંધેરી (પ), મુંબઈ-૫૩.

### વ્યવસાયમાં આર્થિક શિસ્ત આવશ્યક

ઔદ્યોગિક ગૃહો, મહાનગર પાલિકાનિગમ, ધંધાકીય એજન્સીઓ યા ઈતર એજન્સીઓ, બી.ઈ.એસ.એન્ડ ટ્રાન્સપોર્ટ અંડરટેકિંગ, ઈન્સ્યુરન્સ લાઈફ અને જનરલ વિગેરે સંસ્થાઓએ પોતાના ક્ષેત્રમાં સરળતા જાળવી નફો રળવા માટે આર્થિક શિસ્તનું પાલન કરવું એ પાયાની જરૂરિયાત છે. એક ધંધાકીય સૂત્ર છે-પ્રમોટ મેમેન્ટ રિક્યુસીસ યોર કોસ્ટ તાજેતરમાં માહિતી પ્રાપ્ત થઈ કે મુંબઈ મહાનગરપાલિકાએ પાણીના બિલ પેટે સરકારી એજન્સીઓ પાસેથી રૂ. ૭૫૪ કરોડ જેટલી જંગી રકમ વસૂલવાની બાકી છે. બાકી રકમમાં પશ્ચિમ રેલવેના રૂ. ૨૧૬.૧૬ કરોડ, મધ્ય રેલવેના રૂ. ૧૬૧.૮૭ કરોડ, મહાડાના રૂ. ૧૩૦.૩૫ કરોડ અને મહારાષ્ટ્ર રાજ્યની વિવિધ ઓફિસોએ રૂ. ૧૧૯.૮૦ કરોડ ચૂકવવાના બાકી છે. મજકૂર બાકી રકમ ઉપર સિસ્ટમ પ્રમાણે બે ટકા માસિક વ્યાજ ચડાવવું અને બિલની ચુકવણી માટે યાદી મોકલ્યા બાદ પણ ચુકવણી ના થાય તો માફી યોજના દાખલ કરવી-આ પ્રક્રિયામાં ઓફિસ સ્ટાફનો બિન જરૂરિયાત અને બિન ઉપાર્જિત ખર્ચ મુંબઈ મહાનગરપાલિકા ઉપર ચડે છે, તેનું દરેક સરકારી એકમે ધ્યાન રાખી સમયસર બિલની ચુકવણી કરવી જરૂરી, ફળદાયી અને ઈચ્છવા જોગ છે.

ભુપેન્દ્ર વી. ગોરડિઆ, ચોપાટી, મુંબઈ.

### ટ્રાફિક વ્યવસ્થા માટેનાં સૂચનો

૧. સવારની સ્કૂલ-કોલેજનો સમય સવારે ૭-૩૦ થી ૧૧-૩૦, ૨. કોર્ટ કચેરી-મ્યુ. ઓફિસ-સરકારી ઓફિસો સવારે ૮-૩૦ થી ૪-૩૦ સાંજે, ૩. બેન્કો-ખાનગી લિ. કંપનીની ઓફિસો-વીમા કંપનીઓ સવારે ૯-૩૦ થી ૫-૩૦, ૪. દુકાનો-મિલો સવારે ૧૦-૦૦થી ૯-૩૦ રાત્રે. ૫. બપોરની સ્કૂલ-કોલેજ ૧૨-૦૦થી ૫-૦૦, ૬. ભારે વાહનો-ટ્રકો-ખાનગી બસો (એસ.ટી. અને સિટી બસો સિવાય)ને રાત્રે ૯થી સવારે ૮ વાગ્યા સુધી ગામમાં પ્રવેશ. ૭. ટેમ્પો અને દુકાનોમાં માલ ડિલિવરી કરવાવાળા વાહનો સવારે-૧૧-૦૦ થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી. ૮. રસ્તા સફાઈ, રસ્તા રિપેરિંગ-કચરા ઉપાડવાનું કામ-કેબલ-ગટર સફાઈ-રસ્તાની ખોદાઈ વગેરે રાત્રે ૧૧-૦૦થી સવારે ૭-૦૦ વાગ્યા સુધી. (બીજા દેશોમાં આ પ્રમાણે છે.)

ટ્રાફિક સમસ્યાનો પ્રશ્ન હલ કરવા માટે મેટ્રોની સગવડ વધુમાં વધુ દરેક શહેરમાં થવી જોઈએ. ટુ-વ્હીલર (સ્કૂટર અને મોટરસાઈકલ)નો વપરાશ ઓછો થવો જોઈએ જેનાથી હવામાં પ્રદૂષણનું પ્રમાણ ઓછું થાય. અકસ્માતમાં ટુ-વ્હીલરનું પ્રમાણ વધારે છે. તેમાં જીવહાનિનું પ્રમાણ બીજા વાહનો કરતાં વધુ છે. તેનો મૃત્યુઆંક ઓછો થાય, પેટ્રોલના વપરાશનું પ્રમાણ ઓછું થાય.

બેટરીથી ચાલતી રિક્ષાઓ વધુ ચાલુ થાય તો પ્રદૂષણ ઓછું થાય. તેમ જ પેટ્રોલનો બચાવ થાય અને શેરિંગ સિસ્ટમ ઉપર ચાલે તો સામાન્ય નાગરિકને પણ પોસાય. દિલ્હી તેમ જ ઉત્તર પ્રદેશ તેમ જ બિહાર વગેરે શહેરોમાં બેટરીથી ચાલતી રિક્ષાઓ ચાલુ થઈ ગઈ છે.

ડાહ્યાભાઈ શાહ
પુણે.

### ફાંસીનો ભય ખૂબ જ જરૂરી છે

નિર્ભયા સાથે કુકર્મ કરનારાઓ ચારેય નરાધમોને સુપ્રીમ કોર્ટે ફાંસીની સજા આપીને નિર્ભયાને ન્યાય અપાવ્યો જ છે. આ જ રીતે નયના પૂજારી સાથે કુકર્મ કરનારા અન્ય એક નરાધમને મુંબઈની વડી અદાલતે ફાંસીની સજા સુણાવી દીધી છે. બળાત્કાર એ પણ નારીઓ સાથેનો શારીરિક આતંકવાદ જ છે અને કોઈ પણ પ્રકારના આતંકવાદીને ફાંસી જ આપવાની હોય. તો જ આતંક અટકશે. આ સાથે જ કેન્દ્રીય મંત્રી મેનકા ગાંધીએ કહેલી વાત પણ વિચારવા જેવી છે. તેમણે કહ્યું હતું કે નારીઓ પરના બળાત્કારો માટે ખાસ અને મુખ્યત્વે 'બોલીવૂડ' જવાબદાર છે. આપણા દેશની હિન્દી તેમ જ તમામ પ્રાદેશિક ફિલ્મોમાં મહિલાઓના દેહનું પ્રદર્શન કરવામાં આવે છે. શું એક ભારતીય મહિલાની આટલી જ કિંમત છે? બધા જ ચલચિત્રોમાં આવા અનાવશ્યક દૃશ્યો અવારનવાર જોઈને સમાજનો કોઈ પણ છોકરો કે પુરુષ અધમ કર્મ કરવા પ્રેરાય એ સાવ સ્વાભાવિક છે. ગુનાની પ્રેરણાને જ ડામવાની તાતી જરૂર છે.

હંસરાજ ભટ, બોરીવલી (પ), મુંબઈ-૯૨.

### આજથી ૫૫ વર્ષ પહેલાં

આજથી ૫૫ વર્ષ પહેલાં મહારાષ્ટ્ર અને ગુજરાત એકત્ર હતું! મુખ્ય પ્રધાન ગાંધીવાદી પૂ. મોરારજી દેસાઈ હતા, ત્યારે શિવસેનાનું અસ્તિત્વ ન હતું, એ વખતની મુખ્ય પ્રજાએ મુંબઈ અને મહારાષ્ટ્ર તથા ગુજરાતને સમૃદ્ધ બનાવ્યું હતું. ૫૫ વર્ષ પહેલાં મુંબઈમાં ભાટિયાઓની સ્થાનિક ૩૦થી ૪૦ મિલો ૨ પાળીમાં કામ કરતી હતી. મારા મોટાભાઈ સ્વ. ગોપાળદાસ દુતિયા ડેપ્યુટી કમિશનર હતા. લાલબાગ, પરેલ વગેરે વિસ્તારમાં મિલો હતી ત્યારે દત્તા સામંત યુનિયન લીડર હતો. દત્તા સામંતના ઉદ્ભવ પહેલા મજૂરો સંતોષી હતા. ખેડૂતના છોકરાઓ મિલોમાં કામ કરતા હતા. જોકે, દત્તા સામંતની જીદથી અને આંદોલનથી ૨૦ હજાર મિલો બંધ થઈ હતી. મુંબઈ શહેર સૌથી વધારે કમાણી કરતું શહેર હતું. ઉપરાંત ગુજરાતીઓ તથા પારસીઓ વગેરેનો ફાળો પણ મોટો હતો.

સુધીર દુતિયા
ગઝદર સ્ટ્રીટ, ચીરાબજાર, મુંબઈ.

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા મિત્રોને ખાસ વિનંતી કે ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ અને ટેલિફોન નંબર અચૂક લખવો. એડ્રેસ અને ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

## આજનું પંચાંગ - શુક્રવાર, તા. ૧૯-૫-૨૦૧૭, પંચક, ત્રિલોકનાથાષ્ટમી

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

• ભારતીય દિનાંક ૨૯, માહે વૈશાખ, શકે ૧૯૩૯. • વિક્રમ સંવત ૨૦૭૩, શા. શકે ૧૯૩૯, વૈશાખ વદ-૮. • જૈન વીર સંવત ૨૫૪૩, માહે વૈશાખ, તિથિ વદ-૮. • પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧૦મો દએ, સને ૧૩૮૬. • પારસી કદમી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૮૬. • પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૮૬. • મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૮મો શાબાન, સને ૧૪૩૮. • મીસરી રોજ ૨૩મો, માહે ૮મો શાબાન, સને ૧૪૩૮. • નક્ષત્રઃ ધનિષ્ઠા સવારે ક. ૧૦-૪૭ સુધી, પછી શતભિષા. • ચંદ્રઃ કુંભમા. ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ). • સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૪ અમદાવાદ ક. ૦૫ મિ. ૫૯ સ્ટા. ટા. • સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૫ અમદાવાદ ક. ૧૯ મિ. ૧૩ સ્ટા. ટા. • મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ - ભરતી : સાંજે ક. ૧૮-૦૧. • ઓટ : સવારે ક. ૧૦-૫૯, મધ્યરાત્રિ પછી ક. ૦૦-૫૬ (તા. ૨૦મી). • વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૭૩, 'કીલક' નામ સંવત્સર. શાલિવાહન શક ૧૯૩૯, 'હેમલંબી' નામ સંવત્સર પ્રારંભ. ઉત્તરાયણ-ગ્રીષ્મઋતુ. વૈશાખ કૃષ્ણ - અષ્ટમી. પંચક, ત્રિલોકનાથાષ્ટમી, બંગાળ. • શુભાશુભ દિન શુદ્ધિઃ શુભ દિવસ. • મુહૂર્ત વિશેષ : સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ, સર્વશાંતિ પૂજા, પાઠ અભિષેક પૂજા, રાજ્યાભિષેક, ધજા કળશ પતાકા ચઢાવવી, પરદેશગમનનું પસ્તાનું, બગીચો બનાવવો, નવાં વસ્ત્રો, આભૂષણ, નોકરી, વાહન, સવારી, દુકાન, રત્નધારણ, વિદ્યારંભ, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, ધાન્ય ભરવું, ધાન્ય વહેંચવું, બી વાવવું, ખેતીવાડી, હજામત, ઝાડ રોપવા, નવી તિજોરીની સ્થાપના, પશુ લે-વેચ, રાહુ દેવતાનું પૂજન, વરુણ દેવતાનું પૂજન, પરદેશનું પસ્તાનું, સર્વશાંતિ પૂજા. • જૈન તિથિ : શ્રી અચલગચ્છીય (વિધિ પક્ષ) શ્વેતાંબર જૈન સંઘ મુજબ આજ રોજ વૈશાખ વદ-૯ અન્યત્ર જૈન તિથિ વૈશાખ વદ -૮. • આચમનઃ ચંદ્ર-રાહુ પ્રતિયુતિ વ્યવસાયમાં નુકસાની પરત્વે સાવધાની જરૂરી, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ અચોક્કસ સ્વભાવ, શુક્ર-ગુરુ પ્રતિયુતિ આવક કરતા ખર્ચ વધારે, સૂર્ય-રાહુ ચતુષ્કોણ સહાનુભૂતિની પ્રાપ્તિનો અભાવ. • ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ પ્રતિયુતિ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ, શુક્ર-ગુરુ પ્રતિયુતિ, સૂર્ય-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-ક્રાંતિવૃત્ત ઉપર આવી દક્ષિણે થશે. ખરતા તારા જોવા મળશે. • વદ નવમીનો ચંદ્રોદયઃ મધ્યરાત્રિ પછી ક. ૦૧-૪૧ (તા. ૨૦મી). • વદ આઠમનો ચંદ્રાસ્તઃ બપોરે ક. ૧૨-૫૭. ગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-વૃષભ, બુધ-મેષ, વક્રી ગુરુ-કન્યા, શુક્ર-મીન, વક્રી શનિ-ધનુ, રાહુ-સિંહ, કેતુ-કુંભ, હર્ષલ-મેષ, નેપ્ચ્યૂન-કુંભ, વક્રી પ્લુટો-ધનુ.